## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની કે.બી.એસ. કોલેજમાં MCA કોર્સના એડમિશન માટે મંજૂરી

વાપી: વાપીની કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત ટેક્નિકલ યુનિવર્સિટી, ગાંધીનગર અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન, નવી દિલ્હીથી M.C.A. કોર્સ શરૂ કરવા માટે મંજૂરી મળી ગઈ છે. આ કોર્સમાં B.E./ B.tech./ B.Sc./ B.Com/ B.C.A./ B.A. ગણિતશાસ્ત્ર સાથે પાસ કરનાર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સ, અમદાવાદમાં (gujacpc.nic.in) પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકે છે. M.C.A. કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા અંતિમ તબક્કામાં ચાલી રહી હોવાથી સત્વરે પ્રવેશ મેળવી લેવા જાણ કરવામાં આવે છે. M.C.A. કોર્સ મેળવા બદલ ટ્રસ્ટી મંડળ, ડો.સી.કે.પટેલ (કેમ્પસ ડાયરેક્ટર) તેમજ કોલેજના આચાર્ય ડો.પૂનમ બી.ચૌહાણે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભાભા ગામે કરંટ લાગતાં યુવાનનું મોત

ધરમપુર: ધરમપુરના ભાભા ગામના પટેલ ફળિયા ખાતે રહેતો 40 વર્ષનો શૈલેષ ધીરુ પટેલ ડીજીવીસીએલની એલટી લાઈનના વાયર બાજુના એચટી લાઇનના થાંભલા પર બાંધવા માટે જતાં કરંટ લાગતાં ગંભીર રીતે દાઝી ગયો હતો. આથી તેને સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન શૈલેષનું મોત નીપજ્યું હતું.

### વાપીમાં જીમની બહાર નજીવી બાબતે છૂટ્ટા હાથની મારામારી

વાપી: વાપી જીઆઇડીસી વિસ્તારમાં જીમમાં આવતા બે યુવક વચ્ચે કોઈ બાબતને લઈ મારામારી થઈ હતી. થોડી જ ક્ષણોમાં વાત વણસતાં 15થી વધુ લોકો ઘટના સ્થળે ભેગા થયા હતા. આ સમગ્ર ઘટનાનો વિડીયો પણ આસપાસના લોકોએ મોબાઈલમાં કેદ કર્યો હતો. જે પછીથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે ફૂટેજના આધારે તમામ શખ્સોની ઓળખ કરી કાર્યવાહી હાથ ધરવા તજવીજ કરી છે.

### વાપીના ડુંગરા ગામથી યુવતી ગુમ થઈ



વાપી: વાપીના ડુંગરા ગામ, નવાબઢાબા સામે, અમન પાર્કમાં 18 વર્ષીય સાબરીન મહમદ હુસેન ચૌધરી રહે છે. જેઓ ગત તા.15-7-2025ના રોજ આશરે સાડા પાંચેક વાગ્યાની આસપાસ કોઈને કંઈપણ કહ્યા વિના અગમ્ય કારણસર ક્યાંક નીકળી ગઈ છે. પરિવારજનોએ તેમની શોધખોળ કરતાં કોઈ ભાળ મળી નથી. આથી ગુમ થયાની જાણ માતા રેશ્માબેન મહમદ હુસેન ચૌધરીએ વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.

### વાપીમાં સળિયાથી મારતાં યુવકને ઇજા

વાપી: મૂળ મધ્યપ્રદેશ અને હાલ વાપીમાં આવેલી ચાલીમાં વિનોદ રામકરણસીંગ (ઉં.વ.32) રહે છે અને તેઓ છૂટક મજૂરીકામ કરે છે. ગત તા.16-7-25ના રોજ રાત્રે દશેક વાગ્યાની આસપાસ વાપી ઈન્ડિયન બેંકની પાછળ, યાદવ માર્કેટથી ચાલતો જઈ રહ્યો હતો. ત્યારે આરીફ અને ગણેશે બોલાચાલી સાથે મારામારી કરી હતી. બાદ ગણેશે સળિયો પગમાં ફટકારતાં તેને પગમાં ફ્રેક્ચર થયું હતું. ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ દ્વારા ચલા સીએચસી બાદ વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. મારામારી કરનારા આરીફ અને ગણેશ (રહે.,વાપી) સામે વિનોદ સીંગે વાપી ટાઉન પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### વાપીની શ્રી એલ.જી.હરિયા મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ



વાપી: પ્રભાત સ્કોલર્સ એકેડમી સેલવાસ દ્વારા આંતર સ્કૂલ વક્તૃત્વ સ્પર્ધા અને ક્વીઝ કોમ્પિટિશનનું આયોજન કરાયું હતું, જેમાં વાપીની શ્રી એલ.જી.હરિયા મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ શ્રેણીમાં ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધા-ગ્રુપ-1માં ધો.4ની વિદ્યાર્થિની આરાધ્યા મિશ્રાએ દ્વિતીય સ્થાન, જ્યારે ગ્રુપ-2માં ધો.8ની વિદ્યાર્થિની સુનિતા શેખાવતે પ્રથમ સ્થાન અને ગ્રુપ-3માં ધો.9ની વિદ્યાર્થિની સેનોરિટા શર્માએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. ક્વીઝ કોમ્પિટિશનમાં ધો.9ના વિદ્યાર્થી અનમોલ શ્રીવાસ્તવ અને ધો.11ના વિદ્યાર્થી યુવરાજ સીંઘે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળાનાં મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા બાળકો અને તેમના માર્ગદર્શક શિક્ષકોની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

### પારડીની આસ્મા ગ્રા.પં.ના સરપંચ અને ઉપસરપંચે પદભાર સંભાળ્યો



અમૃત પટેલ

પારડી: પારડીના આસમા ગ્રામ પંચાયત ખાતે સરપંચ તરીકે સરલાબેન જયેશ પટેલે ચાર્જ સંભાળ્યો હતો. તો ઉપસરપંચની ચૂંટણીમાં જીનલબેન સાવનભાઈ પટેલનું માત્ર એક ફોર્મ આવતાં તેમને બિનહરીફ વિજેતા જાહેર કરાયાં હતાં. તો રેંટલાવ પંચાયતમાં સરપંચ પદે અજય પટેલ અને ઉપસરપંચ પદે પરાગ દેસાઈએ ચાર્જ લીધો હતો.

### ઉમરગામના ભીલાડ, ટેંભી, ફણસા, નંદીગામ, મરોલી અને તુંબમાં ઉપસરપંચ બિનહરીફ ચુંટાયાં

ઉમરગામ: ઉમરગામ તાલુકામાં ટેંભી, ફણસા, મરોલી, નંદીગામ, ભીલાડ, તુંબમાં ઉપસરપંચ બિનહરીફ ચુંટાયા હતા. ઉમરગામ તાલુકામાં 20 જેટલી ગ્રામ પંચાયતની સરપંચ સભ્યોની ચૂંટણી થોડા સમય પહેલાં જ સંપન્ન થઈ હતી અને શુક્રવારે 18 જુલાઈના રોજ ઉપસરપંચની ચૂંટણી યોજવામાં આવી હતી, જેમાં ટેંભી ગ્રામ પંચાયતમાં હસમુખભાઈ માછી, ફણસામાં જાગૃતિબેન પટેલ, નંદીગામમાં દિવ્યાબેન ધોડી, તુંબમાં જીગ્નેશભાઈ ધોડી, મરોલીમાં રાજેશભાઈ કેણી, ભીલાડમાં કમલેશભાઈ શાહ ઉપસરપંચ તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. જ્યારે ચૂંટણી થતાં કોડીવાડમાં અનિલભાઈ કોળી, પળગામમાં ધ્રુજનભાઈ માછી, ડહેલીમાં વૈશાલીબેન ભંડારી ઉપસરપંચ તરીકે ચુંટાઈ આવ્યાં હતાં.

### વાપીના બલીઠા અને GIDCમાંથી 7 જુગારી ઝડપાયા

વાપી: વાપી ટાઉન પોલીસ દ્વારા બલીઠાથી 4 અને જીઆઈડીસી પોલીસ દ્વારા થર્ડ ફેઝમાંથી 3 જુગારીને ઝડપી પાડવામાં આવ્યા હતા. તમામ સામે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી આધારે વાપી નજીકના બલીઠા કોળીવાડમાં આવેલી ચાલીની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમનારાઓ ઉપર રેઈડ કરી હતી, જેમાં જુગાર રમતા (1) સંતોષકુમાર અસેશ્વર સહની (ઉં.વ.28) (રહે.,બલીઠા સ્થિત ચાલીમાં, મૂળ બિહાર), (2) મોહમદ રાશિદ નારૂલ્લાહ (ઉં.વ.36) (રહે.,સલવાવ, મૂળ યુપી), (3) મોહમદ રિયાજ ખાન (ઉં.વ.36) (રહે.,સલવાવ, ગીતાનગર, વાપી) અને (4) મહેન્દ્ર બાલચંદ્ર ગૌતમ (ઉં.વ.44) (રહે.,મહારાષ્ટ્ર, મૂળ યુપી) ઝડપાઈ ગયા હતા. દાવ તથા અંગજડતી કરી રોકડા રૂ.11,325 અને 4 મોબાઈલ ફોન મળી કુલ રૂ.31,325નો મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે વાપી ઉદ્યોગનગર પોલીસ દ્વારા વાપી જીઆઈડીસી થર્ડ ફેઝ સ્થિત કુંદર કેમિકલ સામેના માર્ગ ઉપર જુગાર રમતા (1) મોહમ્મદ અબ્દુલ ઝમીર ખાન (ઉં.વ.35), (2) સગીર ઈમામુદ્દીન ખાન (ઉં.વ.28), (3) ઈમરાન કલુવા ખાન (ઉં.વ.33) (તમામ હાલ રહે.,લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટમાં, વાપી, મૂળ યુપી)ને ઝડપી દાવ તથા અંગજડતી કરી રોકડા રૂ.860 કબજે લીધા હતા. જુગાર રમતા પકડાયેલા તમામ સામે વાપી ટાઉન અને જીઆઈડીસી પોલીસ દ્વારા જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ૨ લાખથી વધુ વસતી, છતાં વાંસદા તાલુકામાં સાયન્સ કોલેજનો અભાવ

**વર્ષોથી** સાયન્સ કોલેજના અભાવે વિદ્યાર્થીઓએ આગળના અભ્યાસ માટે બહારગામ જવું પડે છે




નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદામાં ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ માટે વર્ષોથી શહેરોની કોલેજોમાં જવા મજબૂર થવું પડે છે. નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં સાયન્સ કોલેજ છે. જ્યારે વાંસદા તાલુકામાં જ નથી. તંત્ર દ્વારા વાંસદાના વિદ્યાર્થીઓ સાથે અન્યાય કેમ?

વાંસદા તાલુકામાં વર્ષોથી સાયન્સ કોલેજનો અભાવ હોવાથી તાલુકામાં આવેલી હાઈસ્કૂલ્સમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ પાસ કર્યા બાદ આગળના અભ્યાસ માટે મૂંઝવણમાં મુકાય જાય છે. વાંસદાના હનુમાનબારી ગામે આર્ટસ, કોમર્સ અને બી.એડ. કોલેજ હાલ કાર્યરત છે, જેમાં વાંસદા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સહિત વઘઈ-ડાંગથી પણ અહીં દર વર્ષે વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોય છે, ત્યારે વિદ્યાર્થીઓને આર્ટસ અને કોમર્સ વિષયમાં તો એડમિશન મળી રહે છે. પરંતુ કોલેજમાં સાયન્સ સેન્ટર ન હોવાના કારણે સાયન્સ વિષયના વિદ્યાર્થીઓએ બહારગામ અન્ય કોલેજમાં એડમિશન લઈ અભ્યાસ કરવા જવાની ફરજ પડતી હોય છે.

મોટા ભાગના વિદ્યાર્થીઓ આ વિસ્તારના આદિવાસી અને ગરીબ પરિવારમાંથી આવતા હોય, જેમને દરરોજ બહારગામ કોલેજમાં અપડાઉન કે હોસ્ટેલમાં રહેવાનો ખર્ચ પરવડે તેમ હોતો નથી. જેને કારણે ઘણા એવા વિદ્યાર્થીઓ હોનહાર હોવા છતાં પોતાની ફિલ્ડ ચેન્જ કરી અન્ય વિષય પસંદ કરી લેતા હોવાનું પણ જાણવા મળ્યું છે. નવસારી જિલ્લાના જલાલપોર, ચીખલી, ગણદેવી અને ખેરગામમાં પણ સાયન્સ કોલેજ કાર્યરત છે. ત્યારે ૨ લાખથી પણ વધુ વસતી ધરાવતા વાંસદા તાલુકામાં સાયન્સ કોલેજ કેમ નથી? તંત્ર દ્વારા વાંસદાના વિદ્યાર્થીઓ સાથે અન્યાય કેમ? આમ સાયન્સ કોલેજની જરૂરિયાતને ગંભીરતાથી લઈ તંત્ર દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવે તો આ વિસ્તારના ઘણા ગરીબ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓને પણ આગળ વધવાની તક મળી શકે તેમ છે.

#### મહેસાણાની કોલેજમાં ફોર્મ ભર્યું છે: સંજયભાઈ

ચવધરીના એક વિદ્યાર્થિનીના વાલી સંજયભાઈએ જણાવ્યું હતું કે, વાંસદામાં સાયન્સ કોલેજ ન હોવાથી ચીખલી, બીલીમોરા, વલસાડ અને નવસારીની કોલેજોમાં એડમિશન માટે જવું પડે છે. હાલમાં જ મારી દીકરીના એડમિશન માટે જિલ્લાની કોલેજમાં ફોર્મ ભરવા ઓનલાઇન તપાસ કરી હતી. પરંતુ ત્યાં કોલેજની ફી વધુ હોવાથી મહેસાણાની કોલેજમાં ઓછી ફી રહેતાં ત્યાંની કોલેજમાં એડમિશન માટે ફોર્મ ભર્યું છે. જો વાંસદામાં પણ સાયન્સ કોલેજ હોય અને ફી પણ પરવડે તેમ હોય તો આટલે દૂર સુધી દીકરીઓને અભ્યાસ માટે મૂકવી ન પડે.

#### વાંસદામાં ૩૫થી ૪૦ કિ.મી.ના અંતર સુધીમાં કોઈ જ સાયન્સ કોલેજ નથી

ખેરગામથી વલસાડ ૨૦ કિ.મી., ચીખલીથી બીલીમોરા ૧૦ કિ.મી., ગણદેવીથી ચીખલી ૧૨ કિ.મી. જેટલું અંતર છે અને ચારેય જગ્યાએ સાયન્સ કોલેજ કાર્યરત છે. જ્યારે વાંસદામાં ૩૫થી ૪૦ કિ.મી.ના અંતર સુધીમાં કોઈ જ સાયન્સ કોલેજ ન હોવાથી આ વિસ્તારનાં વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો હોવાનું લાગી રહ્યું છે.

## દોડતી ટ્રેનમાં મહિલાનું પર્સ સ્નેચિંગ

### અંધારાનો લાભ લઈ ચોર પલાયન

**વલસાડ** રેલવે પોલીસમાં ફરિયાદ, પર્સમાં મોંઘાદાટ 2 ફોન, રોકડા 2 હજાર અને આધારકાર્ડ હતાં

વાપી/વલસાડ: કોલ્હાપુર-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલાં સાસુ-વહુ ઊંઘી ગયાં હતાં. આથી નવસારી રેલવે સ્ટેશન પહેલા તસ્કરે તકનો લાભ લઈ લેડીઝ પર્સ ચોરી કરી ગયો હતો, જેમાં બે મોંઘાદાટ મોબાઈલ ફોન અને રોકડા 2 હજાર મળી કુલ રૂ.36 હજાર મતાની ચોરી થયાની ફરિયાદ વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

મૂળ રાજસ્થાન અને હાલ અમદાવાદમાં મમતાકુમારી સગનપ્રેમજી સુન્દેશા (ઉં.વ.27) રહે છે. કોલ્હાપુર મહારાષ્ટ્રમાં નણંદ રહેતા હોય જેનું ઓપરેશન કર્યું હોવાથી ગત તા.6-7-25ના રોજ સાસુ સાથે કોલ્હાપુર ગયાં હતાં. બાદ તા.12-7-25ના રોજ કોલ્હાપુર-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં રિઝર્વેશન કોચમાં મુસાફરી કરતાં હતાં. રાત્રે દશેક વાગ્યાની આસપાસ તેઓ ઊંઘી ગયાં હતાં. મમતા કુમારીનું પર્સ મોડી રાત્રે કોઈક ઈસમે ખેંચતાં તેઓ ઊંઘમાંથી જાગી ગયાં હતાં અને પર્સ પકડવાની કોશિશ કરી હતી. જો કે, ચોર જોરથી આંચકો મારી ખેંચી ભાગી છૂટ્યો હતો. ડબ્બામાં લાઈટ બંધ હતી. જેથી તેનો ચહેરો જોઈ શકાયો ન હતો. તેણે માથે ટોપી તથા એક બેગ લટકાવેલી હતી. ઉંમર આશરે 25થી 30ની હતી. ત્યારબાદ ટ્રેન નવસારી રેલવે સ્ટેશન આવી પહોંચી હતી. પર્સમાં 2 મોબાઈલ ફોન, રોકડા 2 હજાર, આધારકાર્ડ, ચશ્મા મળી કુલ રૂ.36,099નો મુદ્દામાલ હતો. આ બનાવ અંગેની ફરિયાદ વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

## છીરીમાં વેપારીના બે મોંઘાદાટ ફોનની ચોરી

વાપી: વાપીના છીરીના રણછોડનગર, ઓમ પેલેસમાં રહેતો વેપારી રાહુલકુમાર શૈલેન્દ્ર ચૌધરી ગત તા.23-5-25ના રોજ સવારે છએક વાગ્યાની આસપાસ મુખ્ય દરવાજાની બહાર ગ્રીલનો અડાગળો બંધ કરી ગુંજન ચોકડી પાસે દૂધ લેવા માટે ગયો હતો. સાતેક વાગ્યાની આસપાસ દૂધ લઈ ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો મુખ્ય દરવાજાની ગ્રીલનો અડાગળો ખુલ્લો હતો. ઘરમાં મૂકેલા બે મોબાઈલ ફોન કુલ રૂ.1,46,000ની ચોરી કરી તસ્કર ભાગી ગયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ તેણે વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.

# પારડીના પોલીસ લોક દરબારમાં અસામાજિક તત્ત્વો, ટ્રાફિક અને ઢોરોની સમસ્યા મુદ્દે ચર્ચા

**વ્યાજખોરી,** નવા કાયદા, સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવવા લોકોને માહિતગાર કરાયા




અમૃત પટેલ

પારડી: પારડીમાં ડીવાયએસપીના અધ્યક્ષ સ્થાને લોકદરબાર યોજાયો હતો. પારડી ધીરુભાઈ નાયક હોલ ખાતે ડીવાયએસપી એ.કે. વર્મા, પારડીના પીઆઈ જી.આર. ગઢવી, પીએસઆઈ ડી.એલ.વસાવા, વકીલમંડળના પ્રમુખ ભરત પટેલ, પારડી પાલિકાના પ્રમુખ ચેતન નાયકા, પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ તેમજ અગ્રણીઓ, પાલિકાના સભ્યો, સરપંચો, લોકોની ઉપસ્થિતિમાં લોકદરબાર યોજાયો હતો, જેમાં નવા કાયદાઓ, વ્યાજખોરી હટાવવા, સાયબર ક્રાઈમ વગેરેની સમજૂતી તેમજ ટ્રાફિક અને ઢોરની સમસ્યા, અસામાજિક તત્ત્વો મુદ્દે ચર્ચા ચાલી હતી.

લોક દરબારમાં સાયબર ક્રાઈમ અંગે અવેરનેસ લાવવા તેમજ નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય અધિનિયમ અંગે માહિતગાર કરાયા હતા. ઉપરાંત વ્યાજખોરી બાબતે લોકોમાં જાગૃતિ આવે એ માટેનો પ્રયાસ પણ કરાયો હતો.

લોકો દ્વારા પારડીમાં ટ્રાફિકની સમસ્યા તેમજ ઢોરોનો મુખ્ય માર્ગો પર અડિંગોને લઈ રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે ડીવાયએસપીએ નગરપાલિકા સાથે ચર્ચા કરી સમસ્યાનો નિકાલ લાવવામાં આવશે, તેવું જણાવ્યું હતું.

## PHC, CHC અને હોસ્પિટલ્સની એમ્બ્યુલન્સનું સંચાલન ખાનગી કંપનીઓને સોંપાતાં વિરોધ

**વાંસદાના** ધારાસભ્ય સહિત ચાલકોની મુખ્યમંત્રીને ઉચ્ચસ્તરીય રજૂઆત



આરીફ શેખ

ધરમપુર: ગુજરાત રાજ્યની તમામ સિવિલ હોસ્પિટલ, જિલ્લા હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની એમ્બ્યુલન્સ ખાનગી કંપનીઓને સંચાલન હેઠળ (EMRI, GVK, ગ્રીન હેલ્થ સર્વિસ અમદાવાદ) સોંપવા બાબતે શુક્રવારે મામલતદાર કચેરી ખાતે વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ, તા.પં. સભ્ય કલ્પેશ પટેલ સહિત વલસાડ જિલ્લાના ડ્રાઇવરો સાથે પ્રાંત કલેક્ટર અમિત ચૌધરીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

આઉટસોર્સ તરીકે સિવિલ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ્સ, સી.એચ.સી., પ્રા.આ.કેન્દ્ર. ખાતે ફરજ બજાવતા ડ્રાઇવરોએ જણાવ્યું હતુંકે, સરકારના તા.૧૦/૫/૨૦૨૫ના ઠરાવથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની હોસ્પિટલો ખાતેની કુલ ૫૮૬ એમ્બ્યુલન્સ પૈકી ફાળવવામાં આવેલી તમામ એમ્બ્યુલન્સ ગાડીઓ કે જે જિલ્લાની વિવિધ ગ્રાન્ટ્સ જેમ કે વનબંધુ કલ્યાણ યોજનામાંથી તથા લોકસહકારના ફાળા તથા વિવિધ જિલ્લા પંચાયત સમિતિના સૌજન્યથી જિલ્લામાં આવેલ પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓના મારફતે મળેલા ફાળા દ્વારા ફાળવવામાં આવેલી છે. જે વાહનો EMRI, GVK, ગ્રીન હેલ્થ સર્વિસ અમદાવાદને સંચાલન સોંપવા આદેશ કરાયો છે. આ બાબતે જણાવવાનું કે, ઉપરોક્ત સિવિલ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો, સી.એચ.સી., પ્રા.આ.કેન્દ્ર ખાતેની એમ્બ્યુલન્સ ગાડીઓ EMRI, GVK, ગ્રીન હેલ્થ સર્વિસ અમદાવાદને સંચાલન સોંપવામાં આવે તો સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ્સ, સી.એચ.સી., પ્રા. આ. કેન્દ્રો ખાતે અનેક તકલીફો ઊભી થાય એમ છે.

ખાસ કરીને મમતા દિવસ દરમિયાન એમ્બ્યુલન્સ દ્વારા દરેક ગામોમાં મમતા સેશનમાં વેક્સિન પહોંચાડવા તેમજ વેક્સિન પરત લઈ પ્રા.આ. કેન્દ્ર ખાતે લઈ આવવા જરૂરિયાત હોય છે. પ્રા.આ.કેન્દ્ર કક્ષાએથી જુદાં જુદાં ગામોમાંથી ANC (સગર્ભા) બહેનોને સોનોગ્રાફી કરાવવા માટે તાલુકા કક્ષાએથી થયેલા એમઓયુ મુજબની ખાનગી હોસ્પિટલોમાં લઈ જવાની જરૂરિયાત હોય છે. ANC (સગર્ભા) બહેનોને પ્રસૂતિ કરાવવા માટે સંસ્થાકીય સેન્ટર્સ ખાતે લઈ જવા જરૂરિયાત હોય છે. સિકલસેલ એનીમિયા ધરાવતી ANC (સગર્ભા) બહેનોને ક્રાયસિસ તપાસ માટે લઈ જવા એમ્બ્યુલન્સની જરૂરિયાત હોય છે. આરોગ્યના વિવિધ રાષ્ટ્રીય પ્રોગ્રામો, કુટુંબ નિયોજનના સ્ત્રીનશબંધી ઓપરેશન તથા પુરુષ નશબંધી ઓપરેશનને શિફ્ટિંગ કરવા માટે એમ્બ્યુલન્સની જરૂરિયાત હોય છે. અન્ય આરોગ્યના પ્રોગ્રામો જેવા કે ટી.બી., લેપ્રસી, મલેરિયા, ડેન્ગ્યુ, જેવા રોગો માટે એમ્બ્યુલન્સની જરૂરિયાત હોય છે. પ્રા.આ. કેન્દ્રો ખાતે ફાળવવામાં આવતી દવાઓ લેવા જવા માટે એમ્બ્યુલન્સની જરૂરિયાત હોય છે.

#### માન-તાન નદીના પુલ પરથી ઈમરજન્સી સેવા 108 એમ્બ્યુલન્સને પસાર કરવા રજૂઆત

ધરમપુરના આસુરા માન નદીના પુલ તથા આંબાતલાટ તાન નદીના પુલ પરથી ઇમરજન્સી સેવા 108 એમ્બ્યુલન્સને પસાર થવા દેવા બાબતે પ્રાંત કલેક્ટરને રજૂઆત કરી હતી. ગંભીરા બ્રિજ તૂટી પાડવાની ઘટનાને પગલે આ બંને પુલ પરથી ભારે વાહનોની પણ અવરજવર તકેદારીના ભાગરૂપે બંધ કરાઈ છે. જે અંતર્ગત બંને પુલ પરથી ઇમરજન્સી સેવા 108 એમ્બ્યુલન્સની પણ અવરજવર બંધ કરાઈ છે. જેથી ગંભીર બીમારી તથા ચોમાસામા સર્પદંશના બનાવો, સગર્ભા માતાઓને ઈમરજન્સી સારવાર સમયસર મળી શકે એમ નથી.

#### ધરમપુર-વાંસદા એસટી બસના બંધ કરાયેલા રૂટ ચાલુ કરવા માંગ

નેશનલ હાઈવે નં.56 ધરમપુર-વાંસદા રોડ ઉપર તાન નદી અને આંબા તથા માન નદી પુલ કરંજવેરી ગામનો પુલ વાહનો માટે બંધ કરાતાં લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી. આંબા તલાટ ગામે તાન નદી પર અવરજવર કરવા માટે ભારે વાહનો પર કલેક્ટર દ્વારા પ્રતિબંધ મુકાયો છે. જેથી આ રૂટ પરથી પસાર થતી એસટી સેવા બંધ કરી દેવાઈ છે. અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ, મજૂર કારીગરોને ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે. કલેક્ટર વલસાડને જરૂરી કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી.

## ગુંદલાવની કંપનીમાંથી રૂ.1.80 લાખના પીત્તળ સ્ક્રેપની ચોરી

વાપી/વલસાડ: મૂળ યુપી અને હાલ વલસાડના ગુંદલાવ, જૂની જીઆઈડીસી કોલોનીમાં રહેતો રાકેશ છબીરામ હરિજન ગુંદલાવ સ્થિત સુપ્રીમ ઈન્ડસ્ટ્રિયલ વર્ક્સમાં મેનેજર તરીકે નોકરી કરે છે. કંપનીમાં બે સ્ટોર છે, જેમાં એકમાં કાચો માલ અને બીજામાં ઉત્પાદન થયેલો માલ રાખવામાં આવે છે.

ગત તા.8-7-25થી તા.13-7-25 દરમિયાન કંપનીમાં ઉત્પાદન થયેલા માલમાંથી વધેલો સ્ક્રેપ પ્લાસ્ટિકની થેલીઓમાં ભરી સ્ટોર રૂમમાં મૂક્યો હતો. બાદ ગત તા.16-7-25ના રોજ સ્ક્રેપની થેલીઓ ઓછી જણાતાં સીસીટીવી કેમેરા ચેક કરતાં તા.13ના રોજ રાત્રે સાડા આઠેક વાગ્યે પિકઅપ ટેમ્પો લઈ રાજેશ છોટુ પટેલ (રહે.,ગુંદલાવ, મૂળ નવસારી) કંપનીમાં આવતાં નજરે પડ્યો હતો અને સ્ક્રેપ ભરેલી થેલીઓ નંગ-10 (કિં.આશરે 1.80 લાખ) ટેમ્પોમાં ભરી લઈ જતો નજરે પડ્યો હતો. આ બનાવ અંગે રાકેશ હરિજને વલસાડ રૂરલ પોલીસમથકમાં સ્ક્રેપની ચોરી કરનાર સામે ફરિયાદ નોંધાવી હતી.

## અંજલાવમાં ખેતરમાંથી મોટરના કેબલની ચોરી

વાપી/વલસાડ: વલસાડના ગાડરિયા ગામના સિલોન ફળિયામાં રહેતા ચેતન બાલુ પટેલ ડુંગરી ઉટડીમાં આવેલી અર્ધસરકારી શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવે છે.

ગત તા.16-7-25ના રોજ અંજલાવ ગામ, દેવીચોકી તળાવ પાસે તેમની જમીન આવેલી છે. જ્યાંથી પાણીની મોટરનો કેબલ (આશરે 120 ફૂટ અંદાજિત કિંમત 4 હજાર) ચોરી થઈ ગયો હતો. બીજા દિવસે તેમને જાણવા મળ્યું કે, અંજલાવમાં બે ઈસમ કેબલ સાથે પકડાયેલા છે અને તેનાં નામ દિવ્યેશ પ્રકાશ નાયકા (ઉં.વ.19) (રહે.,ભોમાપારડી, વલસાડ) અને ઈલેશ જીવણ નાયકા (ઉં.વ.19) (રહે.,અંજલાવ, વલસાડ) હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે ચેતન પટેલે વલસાડ રૂરલ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## વાપીમાં ટ્રેન સામે પડતું મૂકી યુવતીનો આપઘાત

વાપી: વાપી રેલવે સ્ટેશન પર દક્ષિણ છેડે ડાઉન લાઈન પર ગુરુવારે સાંજે પસાર થઈ રહેલી ટ્રેન નં.12953 ડાઉન અગસ્ત ક્રાંતિ એક્સપ્રેસની આગળ અગમ્ય કારણસર 30 વર્ષીય જ્યોતિબેન ઉર્ફે બિનુ શિવપૂજક (રહે.,વર્ધમાન બિલ્ડિંગ, ચીકુવાડી, નામધા-વાપી)એ પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે વાપી રેલવે પોલીસે અકસ્માત મોત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરગામ રેલવે સ્ટેશન નજીક આધેડનું મોત

વાપી: વાપી રેલવે પોલીસની હદમાં આવતા ઉમરગામ રેલવે સ્ટેશન પાસે ટિકિટ બુકિંગ ઓફિસની પાછળ ગુરુવારે સાંજે 70થી 75 વર્ષનો એક આધેડ કુદરતી મોતને ભેટ્યો હતો. જેની જાણ વાપી રેલવે પોલીસમથકે કરાતાં પોલીસે ઉંમરગામ પહોંચી લાશનો કબજો મેળવી પોલીસ ચોપડે નોંધ કરી વધુ તપાસ હેકો. શૈલેષ ભીમા કરી રહ્યા છે. તેણે 'જસ્ટ ડુ ઈટ' લખેલી ટી-શર્ટ પહેરી છે.


### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ: નવસારી, સબ-ડિસ્ટ્રીક્ટ: નવસારી ના મોજે: ગામ - વચ્છરવાડ ના જૂનો બ્લોક/સર્વે નંબર: ૨૪૦, નવો બ્લોક/સર્વે નંબર: ૨૯૦, જેનું કુલ ક્ષેત્રફળ ૧-૦૧-૨૪ (હે.આરે.ચો.મી.) થી નોંધાયેલી જુની શરતવાળી ખેતીની જમીન પૈકીની જમીન જેનું ક્ષેત્રફળ ૦-૫૦-૫૮ (હે.આરે.ચો.મી.) વાળી જમીન હમારા અસીલનાઓએ વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહું મિલકતમાં કોઈપણ સરકારી, અર્ધ-સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા કોઈ વ્યક્તિનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર-દાવો હોય કે સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે સદર મિલકતને લાગતા કોઈપણ પ્રકારના અસલ દસ્તાવેજો હોય તો દિન-૭ (સાત) માં સદરહું મિલકત અંગેના વાંધા દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા સદર મુદ્દત વિત્યેથી અમારા અસીલ મજકુર મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હમારા અસીલની સૂચના અને ફરમાઈશ અન્વયે,

તા. ૧૮-૦૭-૨૦૨૫ **અઝહર આર. પઠાણ** (એડવોકેટ)

બાવલી ફળિયા, વેસ્મા, તા. જલાલપોર, જી. નવસારી. મો.: 95749 18346



આ ભાવ અને મજુરીમાં ક્યાંય નહી મળે

મજુરી*

પ્લેઈન ગોલ્ડ 7.90%

એન્ટીક જ્વેલરી 10.90%

*શરતો લાગુ

આજના ભાવ માટે ફોન કરો 9825558181

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ)